અપીલ અરજી નં.૧૯૨ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો)
અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈએકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૫–૮–૧૦ ની અરજીથી તા.૨૯–૭–૧૦ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આરોગ્ય વિભાગને ડે.કમિ. ડો. હેમંત દેસાઈને ઉધનાખાતે સાઉથઝોન કચેરી પાસેની ખાડી કિનારે ધમધમતા "ડ્રોપ વોટર" નામના ગેરકાયદે ધમધમતા પ્લોટની બહાર પ્લોટ ધારક ધ્વારા ટેમ્પામાં રાખેલ વોશ કર્યા વિના જ બોટલો (૨૦ લીટર જારમાં) પાઈપ ધ્વારા ભરાતા હોવા અંગેની જાણ કર્યા બાદ આરોગ્ય વિભાગે આ પ્લોટ ધારક વિરુધ્ધ કઈ કઈ કાર્યવાહી કરી તથા કયા કયા અધિકારી/કર્મચારીને ચેકીંગ અર્થે મોકલ્યા તેની વિગતવાર નકલો સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૯૨/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૫–૮–૧૦ ની અરજીથી તા.૨૯–૭–૧૦ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આરોગ્ય વિભાગને ડે.કમિ. ડો. હેમંત દેસાઈને ઉધનાખાતે સાઉથઝોન કચેરી પાસેની ખાડી કિનારે ધમધમતા "ડ્રોપ વોટર" નામના ગેરકાયદે ધમધમતા પ્લોટની બહાર પ્લોટ ધારક ધ્વારા ટેમ્પામાં રાખેલ વોશ કર્યા વિના જ બોટલો (૨૦ લીટર જારમાં) પાઈપ ધ્વારા ભરાતા હોવા અંગેની જાણ કર્યા બાદ આરોગ્ય વિભાગે આ પ્લોટ ધારક વિરુધ્ધ કઈ કઈ કાર્યવાહી કરી તથા કયા કયા અધિકારી/કર્મચારીને ચેકીંગ અર્થે મોકલ્યા તેની વિગતવાર નકલો સહિતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૨૪ તા.૧૮–૯–૧૦ થી આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિ.(હે અનેહો) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાવક નં.પીએચડી/ફુડ/૯૦ તા.૨૪–૯–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગેનો પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૪૪૦ તા.૮–૯–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રતિભાવ નહીં મળવાના કારણે અરજદારે તા.૮–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબત હેઠળ અરજદારને જાવક નં.પીએડી/ફુડ/ ૪૪૦ તા.૮–૯–૧૦ ના રોજ અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં "તા.૨૯–૭–૧૦ ના રોજ આવેલ ફરીયાદના અનુસંધાનમાં આરોગ્ય વિભાગના ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી ડી. ઠાકોરને તે જ દિવસે બપોરે ૧.૪૫ કલાકના અરસામાં મોકલવામાં આવેલ હતા જયાં સ્થળ પર પણ પાણીનું ઉત્પાદન થતું માલુમ પડેલ નહીં જેથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહીં." તેવું જણાવેલ. આમ અરજદારની ફરીયાદ અંગેની થયેલ કાર્યવાહીની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કર્મચારીની વિગતસહ પૂરી પાડેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ જણાતી હોય અપીલ અરજી અંગે કંઈ વિશેષ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,